MANOGAT • Year 45 • Issue 16 • 25 November 2026 • Kartak Vad 1, Samvat 2083 • Yugabd 5128 • Price : Rs. 5/- • Pages : 28



૨૬ નવેમ્બર
સંવિધાન ગૌરવ દિવસ

મનોગત



સશસ્ત્ર નક્સલવાદીઓ જંગલોમાંથી ગાયબ થઈ ગયા છે, પરંતુ બૌદ્ધિક નક્સલવાદીઓએ ઘણાં સંગઠનો પર કબજો જમાવી લીધો છે

શ્રી કમલમ્ ખાતે યોજાયેલ નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમની તસવીરો



Year : 45, Issue : 16, Pages : 28



તંત્રીસ્થાનેથી

કાશ્મીર ખીણમાં આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાનો છેલ્લો સ્થાનિક સક્રિય આતંકવાદી લતીફ ઠાર મરાયો

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

નવા વર્ષની શરૂઆતમાં એક ખૂબ સારા સમાચાર આવ્યા છે. કાશ્મીર ખીણમાં આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાનો છેલ્લો સ્થાનિક સક્રિય આતંકવાદી મોહમ્મદ લતીફ અહેમદ ભતને કુલગામમાં જમ્મુકાશ્મીર પોલીસ અને ભારતીય સેના–CRPFના સંયુક્ત ઑપરેશન દ્વારા ઠાર મારવામાં આવ્યો છે. એના આગળના જ દિવસે તેના સાથીદાર ઉમર નિસારને પણ ઠાર મારવામાં આવ્યો હતો.

આ ઘટનામાં બે બાબતો અત્યંત મહત્ત્વની છે. (૧) આતંકવાદી સંગઠનોને સ્થાનિક સ્તરે મળતી મદદનો સંપૂર્ણપણે સફાયો થવાથી સરહદ પારના આતંકવાદીઓને સીધો સંદેશ મળી ગયો છે કે ભારત સરહદ પારના આતંકવાદીઓનો તેના ઘરમાં ઘૂસીને ખાત્મો બોલાવે જ છે. સાથે સાથે તેમને મદદ કરતા ઘરમાં છુપાયેલા ઘાતકીઓને પણ શોધી શોધીને ઠાર કરે છે. (૨) લતીફના ખાત્માથી લશ્કરનો છેલ્લો સક્રિય આતંકવાદી પણ ઠાર થયો છે. આ પ્રકારના સ્થાનિક સક્રિય આતંકવાદીઓએ જ કાશ્મીર ખીણના મુસ્લિમ યુવાનોના મગજમાં ધર્મના નામે રાષ્ટ્રવિરોધી ઝેર ભરીને તેને ભટકાવીને તેને આતંકવાદના રસ્તે દોરી જવાનાં કૃત્યો કર્યાં છે. આવા ભટકેલા યુવાનોનું મોત તો લખાઈ જ જાય છે, સાથે સાથે તેના પરિવારને પણ સહન કરવાનો સમય આવતો હોય છે. આમ સ્થાનિક મુસ્લિમ પરિવાર માટે પણ એક રીતે હવે શાંતિ ઊભી થશે કે તેના પરિવારના યુવાનોને ધર્મઝનૂની રીતે દેશ સામે જ લડાવનારી આતંકવાદી પ્રવૃત્તિનાં મૂળિયાં પણ કાશ્મીરમાંથી ઉખડી રહ્યા છે.

યાદ કરો - જમ્મુ-કાશ્મીરના એ દિવસો ! લાલ ચોકમાં ભારતનો ઝંડો ફરકાવવા માટે પણ લશ્કરી સુરક્ષા સાથે રાખવી પડતી હતી. આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. જમ્મુની તો વાત છોડો - કાશ્મીરમાં પણ આતંકવાદીઓનો માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારે સફાયો કરી દીધો છે. ૩૭૦મી કલમની નાબૂદી અને આતંકવાદીઓના સફાયાના કારણે આજે આપણે સૌ ગૌરવભેર કહી શકીએ છીએ કે 'જહાઁ હુએ બલિદાન મુખરજી વહ કાશ્મીર હમારા હૈ'. આપણે હવે એવું નથી કહેવું કે નહેરુની કાશ્મીર જોડાણ અંગે યુનોમાં જવાની બહુ મોટી ગંભીર ભૂલ હતી, આપણે તો એવું જ કહેવું છે કે આપણા નરેન્દ્રભાઈએ ઇતિહાસની અક્ષમ્ય ભૂલને ન માત્ર સુધારી છે, બલકે કાશ્મીરને પોતાનું કરીને સરહદ પર પણ રાષ્ટ્રભક્તિના દીવડા પ્રગટાવ્યા છે.

આવો, નૂતન વર્ષે આપણે સૌ પણ રાષ્ટ્ર પ્રથમની આપણી નીતિને પ્રત્યેક ક્ષેત્રમાં આચરણમાં મૂકીને આપણું કર્તવ્ય નિભાવતા રહીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
મનોગત પાક્ષિક
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
વૉટ્સઍપ નં. : ૯૩૫૧૯૫૯૦૯૪
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

Editor : Printer : Publishers :
Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



નૂતનવર્ષ સ્નેહમિલન સમારોહ

ગુજરાતના વિકાસની ૨૫ વર્ષની યાત્રા એ ભાજપા કાર્યકર્તાઓના પરિશ્રમ, ત્યાગ, તપસ્યા અને જનસેવાના સંકલ્પનું પરિણામ છે

ભાજપામાં પદ કરતાં પરિશ્રમ અને વ્યક્તિના કદ કરતાં તેના કાર્યને મહત્ત્વ આપવામાં આવે છે - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી



ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર ભાજપા દ્વારા આયોજિત નૂતનવર્ષ સ્નેહમિલન સમારોહમાં દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈ ઉપસ્થિત સૌને દિવાળી અને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે સંબોધન કરતાં પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દિવાળી બાદ નૂતન વર્ષ નિમિત્તે સૌ સાથે આત્મીયતાપૂર્વક મળીને શુભેચ્છાઓની આપ-લે કરવાનો અને સામૂહિક સંકલ્પ કરવાનો ગુજરાત ભાજપાનો વર્ષો જૂનો સંસ્કાર છે. આ વર્ષની દિવાળી તેમના માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે, કારણ કે ગુજરાતની જનતાએ તેમને સેવા કરવાનો અવસર આપ્યો તેનાં ૨૫ વર્ષ પૂર્ણ થયાં છે. આ ૨૫ વર્ષની જાહેર જીવનની યાત્રામાં ગુજરાતના કાર્યકર્તાઓનો અવિરત સાથ, જોમ, જુસ્સો, ત્યાગ અને તપસ્યા ન હોત તો જનતાની આટલી વ્યાપક સેવા શક્ય બની ન હોત. આથી તેમણે ગુજરાતના તમામ કાર્યકર્તાઓના યોગદાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે કાર્યકર્તાઓના પરિશ્રમને કારણે જ ગુજરાત અને દેશની સેવા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જવાબદારી સંભાળ્યા પછીની પ્રથમ દિવાળીના પ્રસંગને યાદ કરતાં જણાવ્યું હતું કે, તે સમયે ભૂકંપગ્રસ્ત પરિવારોની વેદનામાં સહભાગી થવા માટે તમામ મંત્રીઓએ સાથે મળીને દિવાળી નહીં ઊજવવાનો અને ભૂકંપથી અસરગ્રસ્ત ગામોમાં જઈ સ્વજનો ગુમાવનારા પરિવારોને મળવાનો નિર્ણય કર્યો હતો. તે અનુભવથી તેમનો વિશ્વાસ વધુ દૃઢ થયો કે તહેવારોની સાચી ખુશી બીજાના જીવનમાં આશાનો દીપ પ્રગટાવવામાં છે. આ જ ગુજરાતની તાકાત છે, જેણે વિનાશક ભૂકંપના પડકારને પાછળ રાખીને કચ્છને આશા, વિકાસ અને નવસર્જનનું નવું કેન્દ્ર બનાવ્યું. એક સમયે વેપાર માટે ઓળખાતું ગુજરાત આજે ખેતી, ઉદ્યોગ, ડેરી, સેમિકન્ડક્ટર, પેટ્રોકેમિકલ, ઓટોમોબાઇલ અને ગ્રીન એનર્જી સહિત અનેક ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહ્યું છે. ગુજરાતના વિકાસથી રાષ્ટ્રના વિકાસનો મંત્ર આજે સાકાર થઈ રહ્યો છે. દેશના આર્થિક વિકાસમાં ગુજરાતે નોંધપાત્ર યોગદાન આપ્યું છે અને અન્ય રાજ્યો પણ વિકાસની આ યાત્રામાં આગળ વધી રહ્યાં છે.

ભાજપાના કાર્યકર્તાઓની ભૂમિકા અંગે પ્રધાનમંત્રીશ્રી મોદીજીએ જણાવ્યું હતું કે, ગુજરાતના કાયાકલ્પમાં ભાજપાના કાર્યકર્તાઓનું યોગદાન અત્યંત મહત્ત્વપૂર્ણ રહ્યું છે. ભાજપાના કાર્યકર્તાઓના સંસ્કારોમાં હંમેશા સેવા સર્વોપરી રહી છે. કાર્યકર્તાઓની પેઢીઓ બદલાઈ છે, પરંતુ પક્ષે આપેલા સંસ્કાર, દિશા અને શિક્ષણ પેઢી દર પેઢી આગળ વધ્યાં છે. જ્યારે પક્ષ પાસે સત્તા કે સંસાધનો નહોતાં ત્યારે પણ કાર્યકર્તાઓએ સેવાભાવથી કામ કર્યું હતું અને સત્તા દૂર હતી ત્યારે પણ સેવામાર્ગ છોડ્યો નહોતો. વર્ષ ૨૦૦૧ની આસપાસના કપરા સમયમાં ગુજરાતે દુષ્કાળ, અનેક પડકારો અને લોકોની હિજરત જેવી પરિસ્થિતિઓનો સામનો કર્યો હતો. તે





પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે વિશ્વમંચ પર નવી ઓળખ અને આત્મવિશ્વાસ મેળવ્યો છે, તેમના માર્ગદર્શન હેઠળ ગુજરાત ૨૫ વર્ષથી વધુ સમયથી વિકાસનું રોલમોડેલ બન્યું છે - શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર આયોજિત નૂતનવર્ષ સ્નેહમિલનમાં ઉપસ્થિત સૌને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, જનસેવાથી રાષ્ટ્રસેવા અને રાષ્ટ્રહિત સર્વોપરી એ ભાજપાનું લક્ષ્ય છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે વિશ્વમંચ પર નવી ઓળખ અને આત્મવિશ્વાસ મેળવ્યો છે, તેમના માર્ગદર્શન હેઠળ ગુજરાત ૨૫ વર્ષથી વધુ સમયથી વિકાસનું રોલમોડેલ બન્યું છે. ચિપથી શિપ અને સેમિકન્ડક્ટર જેવાં આધુનિક ટેક્નોલોજી ક્ષેત્રોમાં ગુજરાત નવી દિશા આપી રહ્યું છે. નમો લક્ષ્મી, નમો સરસ્વતી અને વનબંધુ કલ્યાણ જેવી યોજનાઓથી શિક્ષણ, જનજાતીય વિકાસ અને મહિલા સશક્તીકરણને વેગ મળ્યો છે. ગુજરાતની ૧૧ લાખથી વધુ બહેનો લખપતિ દીદી બની છે. તેમણે જણાવ્યું કે, સંગઠનની સાચી તાકાત સમર્પિત કાર્યકર્તાઓમાં છે. ભાજપાનું લક્ષ્ય માત્ર ચૂંટણી જીતવાનું નહીં, પરંતુ વિકાસની રાજનીતિ દ્વારા જનતાનાં હૃદય જીતવાનું છે.

સમયે ભાજપાના કાર્યકર્તાઓ ઘરે-ઘરે જઈ સુખડી એકત્રિત કરતા અને ગરીબ પરિવારો સુધી પહોંચાડતા હતા. ગુજરાતે જનભાગીદારીની શક્તિથી અનેક સંકટોનો સામનો કરી વિકાસની નવી દિશા પ્રાપ્ત કરી છે. એક સમયે દસ વર્ષમાંથી સાત વર્ષ દુષ્કાળનો સામનો કરનાર ગુજરાત આજે જળસંચય અને પાણી બચાવવાનાં અભિયાનો તથા પાણી સંબંધિત યોજનાઓના માધ્યમથી આગળ વધી રહ્યું છે. ભાજપામાં પદ કરતાં પરિશ્રમ અને વ્યક્તિના કદ કરતાં તેના કાર્યને મહત્ત્વ આપવામાં આવે છે તેનું ઉદાહરણ આપતાં તેમણે લાંબા સમય સુધી ભાજપા કાર્યાલયમાં સેવાભાવથી કાર્ય કરનાર રમેશભાઈ ભીલનો ઉલ્લેખ કર્યો હતો, જેઓ આજે કાઉન્સિલર તરીકે જનસેવા કરી રહ્યા છે. આ સાથે તેમણે અતુલભાઈ મિસ્ત્રીને પણ યાદ કર્યા હતા.



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના જનસેવા અને સુશાસનથી દેશના કરોડો નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર યોજાઈ રહેલા નૂતન વર્ષ સ્નેહમિલન નિમિત્તે કાર્યકર્તાઓને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા, સુશાસન અને વિકાસનાં ૨૫ વર્ષ આપણા સૌ માટે ગૌરવની બાબત છે. તેમના નેતૃત્વમાં આયુષ્માન ભારત, પ્રધાનમંત્રી આવાસ અને જનધન જેવી યોજનાઓ દ્વારા કરોડો નાગરિકોના જીવનમાં પરિવર્તન આવ્યું છે અને ૫૦ કરોડથી વધુ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. આજે ભારત આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. તેમણે જણાવ્યું કે, ભાજપાની સૌથી મોટી શક્તિ તેના કાર્યકર્તાઓ છે, જે સતત જનતાની વચ્ચે રહી જનસેવાનાં કાર્યોમાં જોડાયેલા રહે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ભાજપાના શાસનમાં ગુજરાતની અવિરત વિકાસયાત્રા અને ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ગત ચૂંટણીઓમાં મળેલી ભવ્ય સફળતાનાનું સ્મરણ કરી આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં તમામ ૧૮૨ બેઠકો જીતવાનો આત્મવિશ્વાસ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વ્યક્ત કર્યો હતો.





મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આદિવાસી વિસ્તારની વિધાનસભામાં ૭૨ કલાક સુધી ગામડાંઓમાં રાત્રિ રોકાણ કરી નાગરિકો સાથે સીધો સંવાદ સાધ્યો અને તેમની સમસ્યાઓ તથા સરકારી તંત્રના કામકાજની સમીક્ષા કરી, જે સૌ માટે પ્રેરણારૂપ છે - શ્રી હર્ષભાઈ સંઘવી

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ સૌને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં મંત્રીઓ પણ આ જ પ્રકારે વિધાનસભા વિસ્તારોમાં ૭૨ કલાક રહી જનસંપર્ક કરશે. તેમણે ભાજપાના વરિષ્ઠ આગેવાનોના માર્ગદર્શન અને આશીર્વાદ બદલ આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, ભાજપાની સૌથી મોટી મૂડી સમર્પિત કાર્યકર્તાઓ છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓએ કાર્યકર્તાઓ સાથે સતત જોડાયેલા રહી તેમના પરિશ્રમને સન્માન આપવું જોઈએ, કારણ કે હોદ્દો ચૂંટણીથી મળે છે, પરંતુ સાચું સ્થાન કાર્યકર્તાઓના દિલમાં બનાવવાનું હોય છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જનતા અને ભાજપાનો સંયુક્ત પરિવાર વધુ મજબૂત બની વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના રાજકીય જીવનની સફરને યાદ કરતાં જણાવ્યું હતું કે, તેમના જેવા સામાન્ય કાર્યકર્તાને પણ ભાજપાએ મોટું સ્થાન આપ્યું છે. પક્ષના અનેક કાર્યકર્તાઓ અને આગેવાનોએ તેમના ઘડતરમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ભાજપાના કાર્યકર્તા હોવું એ પોતે જ એક મોટું સૌભાગ્ય છે. ભાજપાની કાર્યસંસ્કૃતિમાં 'દળથી મોટો દેશ' અને રાષ્ટ્રહિતને સર્વોપરી રાખવાનો ભાવ હંમેશા કેન્દ્રસ્થાને રહ્યો છે. ભાજપાનો કાર્યકર્તા જ્યાં પણ હોય ત્યાં સમાજ સાથે મળીને કંઈક નવું કરવાની અને જનકલ્યાણ માટે સતત કાર્યરત રહેવાની પ્રેરણા ધરાવે છે.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના યોગદાનનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, જાહેર જીવનમાં રાષ્ટ્રહિતને કેન્દ્રમાં રાખીને કેવી રીતે કાર્ય કરી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ તેમણે પૂરું પાડ્યું છે. દલિત પરિવારો સાથે આત્મીય સંબંધ સ્થાપિત કરીને તેમણે લોકભવનને પણ તેમના માટે પોતાના ઘર જેવું બનાવ્યું છે. આ જ 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના મંત્રની સાચી ભાવના છે. ગુજરાત આજે સ્વચ્છતા અને જળસંચયના ક્ષેત્રમાં આગળ વધી રહ્યું છે. રાજ્યપાલશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક ખેતીના ક્ષેત્રમાં પણ નોંધપાત્ર કામગીરી થઈ રહી છે. ગુજરાતની પ્રગતિ માટેના તમામ પ્રયાસો અને સિદ્ધિઓ ગુજરાતના આગામી અનેક વર્ષોના ઉજ્જ્વળ ભવિષ્યનો મજબૂત પાયો બની રહ્યાં છે.

દેશમાં જનકલ્યાણકારી યોજનાઓના અમલીકરણ અંગે પ્રધાનમંત્રીશ્રી મોદીજીએ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા એક પછી એક યોજનાઓ બનાવીને સમાજના છેવાડાના માનવી સુધી તેનો લાભ પહોંચાડવામાં આવ્યો છે. સાચો સામાજિક ન્યાય કોને કહેવાય તે આ યોજનાઓનાં પરિણામોએ સાબિત કર્યું છે. તેમણે વર્લ્ડ બેંકના અહેવાલનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, ટૂંકા સમયગાળામાં દેશના ૫૦ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે, જે આઝાદી બાદની એક મોટી સિદ્ધિ છે. આઝાદી માટે બલિદાન આપનારા અને જીવન સમર્પિત કરનારા મહાનુભાવોનાં સપનાંઓને સાકાર કરવાની દિશામાં આ એક સંતોષજનક પ્રગતિ છે. તેમણે ઉમેર્યું હતું કે, આઝાદી બાદ લાંબા સમય સુધી દેશે ગરીબી અને અનેક પડકારોનો સામનો કર્યો, ત્યારે આટલી મોટી સંખ્યામાં લોકોને ગરીબીમાંથી બહાર લાવવાની સિદ્ધિ દેશના દરેક નાગરિક માટે ગૌરવ અને સંતોષનો વિષય છે. આ સફળતા પાછળ સરકારની સ્પષ્ટ નિયત, યોગ્ય નીતિ, સાચી દિશા અને સતત પરિશ્રમ રહેલો છે.

વિકસિત ભારતના સંકલ્પનો ઉલ્લેખ કરતાં પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વિકસિત ભારત માત્ર એક વિચાર કે વાત નથી, પરંતુ તેના માટે સ્પષ્ટ વિઝન, આયોજન અને રોડમેપ તૈયાર છે. વિકસિત ભારતના નિર્માણમાં વિકસિત



આપણે આ વર્ષે પૂજ્ય એચ. વી. શેષાદ્રીજીની જન્મશતાબ્દી ઊજવી રહ્યા છીએ



આપણે આ વર્ષે પૂજ્ય એચ. વી. શેષાદ્રીજીની જન્મશતાબ્દી પણ ઊજવી રહ્યા છીએ. હું તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. શેષાદ્રીજીએ પોતાનું આખું જીવન 'વ્યક્તિગત વિકાસ દ્વારા રાષ્ટ્ર નિર્માણ'ના મિશનને આગળ વધારવા માટે સમર્પિત કર્યું. તેઓ સમજતા હતા કે જો દેશને સફળતાના શિખર પર લઈ જવો હોય, તો તેને સમર્પિત, સક્ષમ અને શિસ્તબદ્ધ નાગરિકોની જરૂર છે. શેષાદ્રીજીએ આવા વ્યક્તિઓને તૈયાર કરવા માટે પોતાને પૂરા દિલથી સમર્પિત કરી દીધા. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં સેવા આપતી વખતે તેમણે જે લક્ષ્યોનો પીછો કર્યો હતો તે આજે પણ કરોડો સ્વયંસેવકોને પ્રેરણા આપે છે.

જ્યારે પણ આપણે તેમને યાદ કરીએ છીએ, ત્યારે સૌથી પહેલી છબી તેમના સરળ વ્યક્તિત્વની યાદ આવે છે. દત્તાજીએ તેમની સાદગીનું વર્ણન ખૂબ જ સુંદર શબ્દોમાં કર્યું છે. આટલું ઊંચું વ્યક્તિત્વ, આટલો વિશાળ અનુભવ, અને છતાં તેમના વર્તનમાં આવી નમ્રતા! બીજાઓને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરતી વખતે પૃષ્ઠભૂમિમાં રહેવું, લોકોને એકસાથે લાવવા અને રાષ્ટ્ર માટે તૈયાર કરવા - આ તેમના જીવનની મહાન શિસ્ત હતી. વાતચીત દરમિયાન, તેઓ ઘણીવાર એક ઉદાહરણ આપતા. તેઓ કહેતા હતા કે આપણે માતાના વર્તનમાંથી શીખવું જોઈએ. જેમ એક માતા પોતાના બાળકની સેવા કરવા માટે આખી રાત જાગતી રહે છે, બાળકનું પાલનપોષણ કરે છે અને બાળક માટે નિઃસ્વાર્થપણે કામ કરે છે, જો આપણે આ ભાવનાને સમાજ સુધી પહોંચાડીએ, તો કલ્પના કરો કે સમાજને કેટલો ફાયદો થશે.

માતા જેવી જ નિઃસ્વાર્થ ભાવના સાથે, શેષાદ્રીજી સમાજની સેવા માટે સમર્પિત રહ્યા. અને મને તેમનો સ્નેહ અને માર્ગદર્શન સતત પ્રાપ્ત થવાનું સૌભાગ્ય મળ્યું છે. તેમની સાથે વિતાવેલા સમયની યાદો અને તેમના શબ્દો આજે પણ મારા માટે અમૂલ્ય છે.

શેષાદ્રીજી એક બીજી વાત કહેતા હતા જે હું ક્યારેય ભૂલી શકતો નથી. તેઓ કહેતા કે જો આપણે બંને હાથે સમાજને આપીએ તો સમાજ લાખો હાથે આપણને પાછું આપે છે. મેં મારા જીવનમાં આ સિદ્ધાંતને વારંવાર ફળતો જોયો છે. જનતા જનાર્દનની સેવા કરતી વખતે, લોકોએ હંમેશા મારા પર આશીર્વાદ વરસાવ્યા છે, અને આ મારા જીવનની સૌથી મોટી સંપત્તિ છે.

ગુજરાતે મોટી હરફાળ ભરવાની છે. ગુજરાતની જનતાનો વિશ્વાસ વધુ મજબૂત બનાવવાનો છે અને વિકસિત ભારતના નિર્માણમાં સૌથી મોટું યોગદાન આપનાર રાજ્ય તરીકે ગુજરાતને આગળ લઈ જવાનું છે. તેમને વિશ્વાસ છે કે છેલ્લાં ૨૫ વર્ષમાં ગુજરાતે જે વિકાસ કર્યો છે તેના કરતાં પણ વધુ પ્રગતિ આગામી ૨૦ વર્ષમાં કરશે. અંતમાં પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જ્યારે તેઓ ગુજરાતના કાર્યકર્તાઓને યાદ કરે છે ત્યારે તેમનામાં નવી ઊર્જા, ઉમંગ અને ઉત્સાહનો સંચાર થાય છે. કાર્યકર્તાઓનો અવિરત પરિશ્રમ, સમર્પણ અને સેવાભાવ જ ગુજરાતની વિકાસયાત્રાની સાચી મૂડી છે.

નૂતન વર્ષના આ પાવન અવસરે પ્રત્યેક વિધાનસભામાં સૌએ પરસ્પર શુભેચ્છાઓની આપ-લે કરી સંગઠનની એકતા, સમર્પણ અને જનસેવાના સંકલ્પને વધુ મજબૂત બનાવ્યો હતો. આ વર્ષનું નૂતન વર્ષ વિશેષ ગૌરવ અને આનંદનો અવસર પણ છે, કારણ કે દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનમાં સેવા, સમર્પણ અને સુશાસનનાં ૨૫ ગૌરવપૂર્ણ વર્ષ પૂર્ણ થયાં છે. તેમના નેતૃત્વમાં દેશે વિકાસ, સુશાસન અને જનકલ્યાણનાં અનેક નવાં સોપાન સર કર્યાં છે. આ ગૌરવપૂર્ણ અવસરની સ્મૃતિ સાથે સેવા, સમર્પણ અને રાષ્ટ્રનિર્માણના સંકલ્પને વધુ દૃઢ કરવાનો સંદેશ પણ આ સ્નેહમિલન સમારોહમાં આપવામાં આવ્યો હતો.



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિવાળી છત્તીસગઢના બસ્તરમાં સુરક્ષા દળો સાથે ઊજવી



આ પહેલી દિવાળી છે જ્યારે દેશનો દરેક જિલ્લો નક્સલવાદથી મુક્ત છે - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

અને મિત્રો, ૨૦૨૬ની આ દિવાળી ખરેખર ખાસ છે. ચાલીસ કે પચાસ વર્ષ પછી, તમારા બધા માટે આવી દિવાળી આવી છે. આ પહેલી દિવાળી છે જ્યારે દેશે નક્સલવાદ અને માઓવાદી આતંક સામે દાયકાઓથી ચાલી આવતી લડાઈ જીતી છે. આ પહેલી દિવાળી છે જ્યારે દેશનો દરેક જિલ્લો નક્સલવાદથી મુક્ત છે. આ પહેલી દિવાળી છે જ્યારે કરોડો નાગરિકોએ નક્સલવાદના ભયને દૂર કર્યો છે. આ એક અસાધારણ સિદ્ધિ છે. આનું મોટું શ્રેય તમને, તમારા જેવા લાખો બહાદુર જવાનોને, આપણા સૈનિકોને, દીકરા-દીકરીઓને અને સુરક્ષા કર્મચારીઓને જાય છે. તેથી, આજે હું તમારી સાથે દિવાળી ઉજવવા આવ્યો છું. અને હું ૧૪૦ કરોડ ભારતીયો વતી તમારા બલિદાન, સમર્પણ અને સેવાની ભાવના માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવા પણ આવ્યો છું.

મિત્રો, આપણા સ્વપ્નદ્રષ્ટા પૂર્વજોએ કહ્યું હતું: "અભ્યંતરમ્ ભયમ્ રક્ષ્યમ્, આસારામ્ બાહ્યો ભયમ્." આનો અર્થ એ છે કે જ્યારે કોઈ રાષ્ટ્રની આંતરિક સુરક્ષા મજબૂત હોય છે, ત્યારે બાહ્ય દુશ્મનો વધારે નુકસાન કરી શકતા નથી. પરંતુ જ્યારે આંતરિક સુરક્ષા નબળી પડે છે, ત્યારે બાહ્ય દુશ્મનો પણ માથું ઊંચકવાનું શરૂ કરે છે. તેથી, સરહદો પર આપણાં સશસ્ત્ર દળો જે ભૂમિકા ભજવે છે તે જ ભૂમિકા તમે બધા સુરક્ષા કર્મચારીઓ દેશની અંદર ભજવો છો. તમે રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે અસંખ્ય બલિદાન આપ્યાં છે. તમે અમર્યાદિત સમર્પણ દર્શાવ્યું છે. આંતરિક સુરક્ષા જાળવવામાં રોકાયેલાં સુરક્ષા દળો, આપણા CRPF, CoBRA, BSF, ITBP, દરેક જવાન, SSB, IRB, રાજ્યોના પોલીસ કર્મચારીઓ, બસ્તર ફાઇટર જેવાં વિશેષ દળોના કમાન્ડો અને આપણી મહિલા લડવૈયાઓ, આ રાષ્ટ્ર તમારી સેવા માટે તમારા બધાનું ઋણી છે. કરોડો નાગરિકો તમને પર ગર્વ અનુભવે છે. કૃતજ્ઞતા અને સ્નેહની આ ભાવના સાથે, હું તમારા દરેકને, તમે જ્યાં પણ ઊભા છો ત્યાં દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. હું રાષ્ટ્રની રક્ષા માટે સરહદો પર તૈનાત આપણા સૈનિકોને પણ મારી શુભેચ્છા પાઠવું છું.



એક સમય હતો જ્યારે દેશના લગભગ 20 રાજ્યોના 230 થી વધુ જિલ્લાઓ નક્સલવાદથી પ્રભાવિત હતા

મિત્રો, માઓવાદી આતંક અને નક્સલવાદ સામેની આ લડાઈ સરળ નહોતી. એક સમય હતો જ્યારે દેશનાં લગભગ 20 રાજ્યોના 230 થી વધુ જિલ્લાઓ નક્સલવાદથી પ્રભાવિત હતા. સૂર્યાસ્ત પછી, આ વિસ્તારોમાં જીવન ઠપ થઈ જતું. કોઈના ઘરની બહાર પગ મૂકવો અશક્ય બની જતું. આ નક્સલવાદીઓએ લોકોનો મતદાનનો અધિકાર પણ છીનવી લીધો હતો. બિહાર, મહારાષ્ટ્ર, ઓડિસા, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ, દેશનો એક મોટો ભાગ ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત હતો. હજારો ગામડાંઓ અને કરોડો લોકો તેના કારણે ફસાઈ ગયા હતા. એક જ વર્ષમાં બે હજાર જેટલા નક્સલવાદી હુમલા થયા હતા. યાદ રાખો, 2010માં, દાંતેવાડામાં નજીકમાં, નક્સલવાદીઓ સાથેના એન્કાઉન્ટરમાં 76 CRPF જવાનો શહીદ થયા હતા. તે જ વર્ષે, દાંતેવાડામાં બીજી એક ઘટનામાં 44 નિર્દોષ નાગરિકોના જીવ ગયા. આ ભૂમિ આપણા બહાદુર સૈનિકોના લોહીથી પવિત્ર થઈ હતી. પરંતુ તેમના મહેલોમાં રહેતા તે વિશેષાધિકૃત નેતાઓ પાસેથી શોકનો એક પણ અવાજ સંભળાયો નહીં. તેમની આંખોમાંથી એક પણ આંસુ નીકળ્યું નહીં. આવા હુમલા વારંવાર થયા. આ ચક્ર દાયકાઓ સુધી ચાલુ રહ્યું. આ સમયગાળા દરમિયાન, ફક્ત છત્તીસગઢમાં જ એક હજારથી વધુ સુરક્ષા કર્મચારીઓએ પોતાના જીવનું બલિદાન આપ્યું. ઘણા સૈનિકોએ IED વિસ્ફોટોમાં પોતાના હાથ અને પગ ગુમાવ્યા. જો તમે 2004થી 2013 સુધીના આંકડાઓ પર નજર નાખો, તો દર વર્ષે આપણા બહાદુર સૈનિકો જેટલા નક્સલીઓને માર્યા ગયા તેના કરતાં વધુ શહીદ થયા. નક્સલી સંગઠનોના નેતાઓએ આને પોતાની જીત માનીને તેની ઉજવણી કરી. અને કમનસીબે, તે સમયની સરકારોએ નક્સલવાદને એક અસાધ્ય રોગ તરીકે સ્વીકારી લીધો હતો અને તેને ફક્ત ધ્યાન વગર છોડી દીધો હતો. મારા આદિવાસી પરિવારોને તેમના ભાગ્ય પર ટકી રહેવા માટે છોડી દેવામાં આવ્યા હતા. તે સ્વીકારવામાં આવ્યું હતું કે આ અવિરત ચાલુ રહેશે, ગોળીઓ ઊડતી રહેશે, સૈનિકો મરતા રહેશે અને નિર્દોષ નાગરિકો પીડાતા રહેશે.

47 વર્ષ પછી, પહેલી વાર, છેલ્લા એક વર્ષમાં ફરજ દરમિયાન એક પણ CRPF જવાનનો જીવ ગયો નથી

મિત્રો, કોઈ પણ રાષ્ટ્ર "આ રીતે જ વસ્તુઓ ચાલુ રહેશે"ના વલણ સાથે કાર્ય કરી શકતું નથી. કોઈ પણ રાષ્ટ્રને આગળ વધારવા માટે, તેના દુશ્મનોને દૃઢ નિશ્ચય, હિંમત અને સ્પષ્ટ રણનીતિથી કચડી નાખવા જોઈએ. આ કાર્ય માટે દેશમાં જે રાજકીય ઇચ્છાશક્તિનો અભાવ હતો તે 2014 માં પુનઃસ્થાપિત થઈ. તમે આ પ્રધાન સેવકને ભારત માતાની સેવા કરવાની તક આપી. અને 2014 પછી, અમે પરિસ્થિતિ અને આંકડા બંને બદલાતાં જોયાં. વર્ષો સુધી, નક્સલવાદીઓની સંખ્યાની તુલનામાં માર્યા ગયેલા સુરક્ષા કર્મચારીઓની સંખ્યાની આસપાસ ચર્ચાઓ થતી હતી. પરંતુ 47 વર્ષ પછી, પહેલી વાર, છેલ્લા એક વર્ષમાં ફરજ દરમિયાન એક પણ CRPF જવાનનો જીવ ગયો નથી. આ દેશની સાચી નીતિઓ અને દૃઢ સંકલ્પનો વિજય છે. આ તમારી બહાદુરી, તમારી હિંમત અને તમારા સંયમનો વિજય છે. હું પુનરાવર્તન કરું છું, આ તમારી બહાદુરી, તમારી હિંમત અને તમારા સંયમનો વિજય છે. ભારત માતા કી જય. આ બહાદુર સૈનિકોને વિજય. આપણા સુરક્ષા દળો અને પોલીસ કર્મચારીઓ ખૂબ જ પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ અડગ રહ્યા. આ ફરજ પ્રત્યેની નિષ્ઠાનો વિજય છે.

મિત્રો, સફળતા માટે સાચા ઇરાદા અને યોગ્ય નીતિઓની જરૂર છે. રાષ્ટ્રીય સુરક્ષા માટે, અમે એક પછી એક કઠિન નિર્ણયો લીધા. એવાં ઘણાં પગલાં પણ લેવામાં આવ્યાં જે હજુ પણ જનતાને ખબર નથી. આ નિર્ણયો અને પ્રયાસો દ્વારા, નક્સલવાદીઓ અને અલગતાવાદીઓના ભંડોળ નેટવર્કને મોટો ફટકો પડ્યો. નકલી ચલણનું જોડાણ નાશ પામ્યું. આનાથી માત્ર તેમની નાણાકીય કરોડરજ્જુ તૂટી ગઈ નહીં પરંતુ તેમની સમગ્ર સપ્લાય ચેઇન પણ ખોરવાઈ ગઈ. પરિણામે, શસ્ત્રોનો પુરવઠો બંધ થઈ ગયો, અને નક્સલવાદીઓની હિલચાલ અને ભરતી પર નિયંત્રણો લાદવામાં આવ્યાં.

મિત્રો, અગાઉની સરકારોએ પણ જમીન પર લડી રહેલા સુરક્ષા દળોના હાથ બાંધી દીધા હતા. નક્સલવાદી હુમલાઓ થતા રહ્યા,



પરંતુ સુરક્ષા દળોને નિર્ણાયક રીતે જવાબ આપવાની સ્વતંત્રતા નહોતી. અમે સુરક્ષા દળોને દરેક જરૂરી નિર્ણય લેવાની સ્વતંત્રતા આપી. સરકાર અને સિસ્ટમમાં બેઠેલા ચોક્કસ લોકો તરફથી ડાબેરી ઉગ્રવાદને મળતો ટેકો રોકવા માટે પણ અમે કામ કર્યું.

છેલ્લા બાર વર્ષોમાં ભારતમાં ગરીબોને સતત સશક્ત બનાવતી કલ્યાણકારી યોજનાઓની રંગોળી બનાવી છે

મિત્રો, દિવાળી દરમિયાન, અમે રંગોળી ડિઝાઇન બનાવીએ છીએ. શરૂઆતમાં, ફક્ત થોડી રેખાઓ દોરવામાં આવે છે, અને શરૂઆતના પેટર્ન નાના અને અલગ દેખાય છે. પરંતુ જેમ જેમ એક પછી એક નાના ભાગ ભેગા થાય છે, તેમ તેમ એક સુંદર અને સંપૂર્ણ ચિત્ર ઊભરી આવે છે. છેલ્લાં બાર વર્ષોમાં, ભારતમાં કંઈક આવું જ બન્યું છે. અમે ગરીબોને સતત સશક્ત બનાવતી કલ્યાણકારી યોજનાઓની રંગોળી બનાવી છે. જન ધન યોજના દ્વારા, કરોડો લોકો બેંકિંગ સિસ્ટમ સાથે જોડાયેલા બન્યા. પીએમ આવાસ યોજના દ્વારા, કરોડો પરિવારોને કાયમી ઘરો મળ્યાં. મુદ્રા યોજના હેઠળ, અમે કોલેટરલ વિના લોન આપી. સ્વનિધિ યોજના દ્વારા, શેરી વિક્રેતાઓને પણ તેમના વ્યવસાયોને વિસ્તૃત કરવા માટે ટેકો અને તકો મળી. આયુષ્માન ભારત હેઠળ, અમે ગરીબોને મફત આરોગ્યસંભાળ પૂરી પાડી. કરોડો પરિવારોને દર મહિને મફત અનાજ મળતું. બાળકોના શિક્ષણ માટે નીતિઓ બનાવવામાં આવી. બીજા શબ્દોમાં કહીએ તો, અમે દરેક ગરીબ પરિવાર માટે મફત દવા, મફત શિક્ષણ અને મફત રસોડાનો ટેકો સુનિશ્ચિત કર્યો. એટલું જ નહીં, સ્વચ્છ ભારત મિશન અને હર ઘર જલ જેવી યોજનાઓએ રોજિંદા જીવનની ઘણી મૂળભૂત ચિંતાઓ દૂર કરી. પરિણામે, આજે કરોડો લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. જે પરિવારોને ગરીબી એક સમયે વારસા તરીકે મળી હતી તેઓ હવે સારા ભવિષ્યનો પાયો મેળવી રહ્યા છે. જે પરિવારોનું આખું જીવન ચિંતામાં વિતાવ્યું હતું તેઓ હવે સરકારમાં વિશ્વાસ અને આત્મવિશ્વાસની નવી ભાવનાથી આવેલો આત્મવિશ્વાસ ધરાવે છે.

સશસ્ત્ર નક્સલવાદીઓ જંગલોમાંથી ગાયબ થઈ ગયા છે, પરંતુ બૌદ્ધિક નક્સલવાદીઓએ ઘણા સંગઠનો પર કબજો જમાવી લીધો છે

મિત્રો, આ સિદ્ધિઓ વચ્ચે, આપણે એક બીજી વાત યાદ રાખવી જોઈએ. નક્સલવાદીઓનો નાશ થયો છે, પરંતુ ભય સંપૂર્ણપણે દૂર થયો નથી. સશસ્ત્ર નક્સલવાદીઓ જંગલોમાંથી ગાયબ થઈ ગયા છે, પરંતુ બૌદ્ધિક નક્સલવાદીઓએ ઘણાં સંગઠનો પર કબજો જમાવી લીધો છે. આજે પણ, તેઓ દેશના બંધારણ અને લોકશાહી સામે લોકોને ઉશ્કેરી રહ્યા છે. આ બૌદ્ધિક નક્સલવાદીઓ અનેક રાજકીય પક્ષો અને વિવિધ સંગઠનોમાં પણ ઘૂસણખોરી કરી ચૂક્યા છે. આપણે તેમને ઓળખવા જોઈએ, તેમને હરાવવા જોઈએ અને રાષ્ટ્રને સુરક્ષિત કરવું જોઈએ.

તમારું બલિદાન અને મહેનત વિકસિત ભારતના ભવ્ય ઈમારતનો મજબૂત પાયો બનશે

મિત્રો, આપણું રાષ્ટ્ર ગમે તે સંકલ્પ લે, તે તેને પૂર્ણ કરવાની ક્ષમતા પણ ધરાવે છે. અમે વચન આપ્યું હતું કે અમે કાશ્મીરમાંથી કલમ 370 દૂર કરીશું, અને અમે તે વચન પૂર્ણ કર્યું. અમે વચન આપ્યું હતું કે અમે દરેક ઘરમાં શૌચાલય બનાવીશું, અને અમે તે વચન પૂર્ણ કર્યું. અમે રસીકરણનો વ્યાપ વધારવાનું વચન આપ્યું હતું, અને અમે તે વચન પૂર્ણ કર્યું. તેથી, જ્યારે આજે આપણે ગરીબી દૂર કરવાની વાત કરીએ છીએ, જ્યારે આપણે ડ્રગ્સમુક્ત ભારતની વાત કરીએ છીએ, જ્યારે આપણે વિકસિત ભારતની વાત કરીએ છીએ, જ્યારે આપણે આત્મનિર્ભર ભારતની વાત કરીએ છીએ, ત્યારે આ લક્ષ્યો પણ ચોક્કસપણે પ્રાપ્ત થશે. આપણે આ સપનાંઓને આપણી નજર સમક્ષ સાકાર થતાં જોવાં જોઈએ. મને તમારામાં વિશ્વાસ છે. મને મારા દેશની યુવાશક્તિમાં વિશ્વાસ છે. મને મારા દેશના લોકોમાં વિશ્વાસ છે. દેશ ચોક્કસપણે આ લક્ષ્યો પ્રાપ્ત કરશે. તમારું બલિદાન અને મહેનત વિકસિત ભારતના ભવ્ય ઈમારતનો મજબૂત પાયો બનશે. આ વિશ્વાસ સાથે, હું ફરી એકવાર દિવાળીના અવસર પર આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

ભારત માતા કી જય.

વંદે માતરમ!



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૧૪૦૦ કરોડથી વધુના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ



ડ્રગ ફ્રી ગુજરાત - ડ્રગ ફ્રી ભારત બનાવવા માટે સૌએ કટિબદ્ધ બનવું જરૂરી – શ્રી અમિતભાઈ શાહ

શ્રી અમિતભાઈ શાહે ગુજરાત તેમજ સમગ્ર દેશવાસીઓને દીપાવલી પર્વ તેમજ નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, અંદાજિત રૂ. ૧,૪૦૦ કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ભૂમિપૂજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે તેમણે રામાપીરના ટેકરા સાથે પોતાની સામાજિક અને રાજકીય કારકિર્દીની શરૂઆતની સ્મૃતિઓ વાગોળતાં જણાવ્યું હતું કે, તેમની જાહેરજીવનની સફરની શરૂઆત રામાપીરના ટેકરાથી થઈ હતી.

શ્રી અમિતભાઈ શાહે ભૂતકાળની પરિસ્થિતિઓને યાદ કરતાં જણાવ્યું હતું કે, એક સમયે રામાપીરના ટેકરા વિસ્તારમાં પીવાના પાણીની કોઈ યોગ્ય વ્યવસ્થા નહોતી, ગટરનું પાણી ખુલ્લા નાળામાં વહેતું હતું, રોગચાળાનું પ્રમાણ અત્યંત વધારે હતું અને બાળકોના શિક્ષણ માટે પણ પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ નહોતી. આવી વિકટ પરિસ્થિતિને બદલવા માટે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૭માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન 'ઝૂંપડપટ્ટીની સામે ઘરનું ઘર' યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો. સમયાંતરે આ યોજનામાં અનેક સુધારા અને વિસ્તરણ કરવામાં આવ્યાં છે, જેના પરિણામે આજે રામાપીરના ટેકરાના અંદાજિત ૫૫ હજાર લોકોને ખાનગી ફ્લેટ જેવી આધુનિક સુવિધાઓ ધરાવતા આવાસો ઉપલબ્ધ થવા જઈ રહ્યા છે.

શ્રી અમિતભાઈ શાહે કોંગ્રેસ પર કટાક્ષ કરતાં જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૪૭થી ૧૯૯૦ સુધી દેશ અને ગુજરાતમાં શાસન કરનાર કોંગ્રેસે ક્યારેય રામાપીરના ટેકરા જેવા વિસ્તારોની સમસ્યાઓના કાયમી ઉકેલ માટે ગંભીરતાથી ધ્યાન આપ્યું નહોતું. આજે અહીંની નવી પેઢીને બાળપણથી જ શિક્ષણ, વાંચન, આરોગ્ય અને સ્વચ્છતા જેવી પાયાની સુવિધાઓ પ્રાપ્ત થશે, જે તેમના ઉજ્જ્વળ ભવિષ્ય અને જીવનની પ્રગતિનો માર્ગ પ્રશસ્ત કરશે.

શ્રી અમિતભાઈ શાહે વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર લોકસભા ક્ષેત્રની તમામ શાળાઓને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સ્માર્ટ સ્કૂલમાં રૂપાંતરિત કરવામાં આવી છે. અમદાવાદની ઝૂંપડપટ્ટીઓ નાબૂદ કરીને તે જ સ્થળે લોકોને 'ઘરનું ઘર' આપવાની મહત્વાકાંક્ષી યોજના આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરી હતી, જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સતત આગળ



ધપાવી છે. આ જનકલ્યાણકારી કાર્ય બદલ તેમણે રાજ્ય સરકારને અભિનંદન પણ પાઠવ્યાં હતાં.

બોપલ અને ઘુમા વિસ્તારમાં વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે પમ્પ હાઉસ, જાસપુર ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું પણ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. છેલ્લાં સાત વર્ષ દરમિયાન ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં કુલ અંદાજિત રૂ. ૨૫ હજાર કરોડનાં વિવિધ વિકાસકાર્યો પૂર્ણ કરવામાં આવ્યાં છે અથવા પ્રગતિ હેઠળ છે.

શ્રી અમિતભાઈ શાહે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યના ગૃહ વિભાગ અને ભારત સરકારના ગૃહ વિભાગની સંયુક્ત બેઠકમાં ગુજરાતને "ડ્રગ્સ ફ્રી" અને "નશામુક્ત ગુજરાત" બનાવવા ઝીરો ટોલરન્સ નીતિ અપનાવવામાં આવી છે. આ દિશામાં રાજ્ય સરકાર દ્વારા "૧૦૩૩" ડાયલ ફ્રી - હેલ્પલાઇન નંબર જાહેર કરવામાં આવ્યો છે, જેનો અમલ આગામી ૧ ડિસેમ્બરથી ૨૦૨૬થી શરૂ થશે. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યના કોઈપણ વિસ્તારમાં ડ્રગ્સનું વેચાણ કે ગેરકાયદેસર પ્રવૃત્તિ થતી હોવાનું ધ્યાને આવે તો નાગરિકો આ હેલ્પલાઇન નંબર પર ફરિયાદ નોંધાવી શકશે. આવી ફરિયાદોના આધારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર ડ્રગ્સના ગેરકાયદેસર વેપાર સાથે સંકળાયેલા માફિયાઓ સામે કડક કાર્યવાહી કરીને તેમને જેલના સળિયા પાછળ ધકેલશે.

શ્રી અમિતભાઈ શાહે વધુમાં જણાવ્યું હતું કે, ડ્રગ્સ માફિયાઓ સુધી માત્ર ત્રણ કલાકમાં પહોંચી શકાય તેવી વૈજ્ઞાનિક અને આધુનિક વ્યવસ્થા ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા ઊભી કરવામાં આવી છે. આ વ્યવસ્થાના માધ્યમથી ડ્રગ્સના નેટવર્ક સામે ઝડપી કાર્યવાહી કરીને ગુજરાતને નશામુક્ત બનાવવાની દિશામાં કામગીરી હાથ ધરવામાં આવશે. શ્રી શાહે કહ્યું કે . આ નશો દેશના ભવિષ્યને બરબાદ કરવાનું કાર્ય કરે છે. ડ્રગ્સનો નશો નવયુવાનોને સ્વાસ્થ્યની બરબાદી, તેમજ વિચારવાની ક્ષમતાને ખતમ કરે છે. આ નશા વેચાણના પૈસાથી દેશમાં આતંકવાદ ફેલાવવાનું કાર્ય થાય છે. શ્રી શાહે સૌને નશામુક્ત દેશ માટે સામૂહિક સંકલ્પબદ્ધ થવા આહ્વાન પણ કર્યું હતું તેમજ કહ્યું કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૯ સુધી નશામુક્ત ભારતની રચના કરવાનું કાર્ય સૌએ સાથે મળીને કરવાનું છે. પરંતુ, ગુજરાતને ૨૦૨૯ સુધી રાહ નથી જોવાની ગુજરાત ૩૧ ડિસેમ્બર ૨૦૨૮ સુધી નશામુક્ત થઈ જશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. "ડ્રગ ફ્રી ગુજરાત", "ડ્રગ ફ્રી ભારત" બનાવવાનું માટે સૌએ કટિબદ્ધ બનવું જરૂરી છે. શ્રી શાહે અંતે સૌને અપીલ કરતાં કહ્યું હતું કે ડ્રગ ફ્રી ભારત બને તે પહેલાં ડ્રગ ફ્રી અમદાવાદ અને ડ્રગ ફ્રી ગુજરાત બનાવવાની કાર્યવાહી સૌએ સાથે મળીને કરવાની છે.

દીપોત્સવ સાથે વિકાસોત્સવ પણ ઊજવાય છે – શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૌ નાગરિકોને દિવાળી પર્વની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, યશસ્વી આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ વિકાસને પર્વ તરીકે ઊજવવાની શરૂ કરાવેલી પરંપરાનું ઉત્તમ ઉદાહરણ આજનો કાર્યક્રમ છે. આજે દીપોત્સવ સાથે વિકાસોત્સવ પણ ઊજવાય છે. દિવાળીના પર્વ સાથે કર્મઠ અને લોકપ્રિય સાંસદ, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે વિકાસની ભેટ આપી દિવાળી ઊજવી છે. પ્રધાનમંત્રીશ્રી મોદીજીએ તાજેતરમાં વિકાસને લઈને ખૂબ સરસ વાત કરી, જીવનમાં નવી સુવિધા મળે ત્યારે તહેવારોના આનંદમાં વધારો થાય છે. તહેવારોના આ દિવસોમાં આશરે રૂ. ૧૪૦૦ કરોડના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયાં છે. આપણા સૌની આતુરતાનો અંત થયો છે કારણ કે, કર્ણાવતી ક્લબ જંક્શનથી સરખેજ ફ્લાય ઓવરની લોકો રાહ જોઈ રહ્યા હતા તેને આજે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. શ્રી અમિતભાઈ શાહના સફળ નેતૃત્વએ દેશના દરેક નાગરિકની સુરક્ષા અને સલામતીને પ્રાધાન્ય આપ્યું છે. આદરણીય શ્રી મોદીજીના નેતૃત્વમાં અને શ્રી અમિતભાઈ શાહની આગેવાનીમાં નશામુક્ત ભારત બનાવવા માટે ડ્રગ્સ વિરોધી અભિયાનમાં ઝીરો ટોલરન્સની નીતિથી કામ કરવાની નેમ છે. શહેરીકરણ અને ગામડાંઓના વિકાસના પરિણામે તાજેતરમાં જ રજૂ થયેલા વર્લ્ડ બેંકના રિપોર્ટમાં જણાવ્યું છે કે છેલ્લાં ૧૨ વર્ષમાં ભારતમાં લગભગ ૫૦ કરોડ લોકો ગરીબીરેખામાંથી બહાર આવ્યા છે.



ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિન નવીન દ્વારા દિલ્હીના શાલીમારમાં મુનક નહેરના બંને કાંઠે બનેલા ૧૧ કિલોમીટર લાંબા છઠ ઘાટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું

મોદીજીના નેતૃત્વમાં, ભાજપ સરકાર વિકાસની સાથે દેશના સાંસ્કૃતિક વારસા અને ધાર્મિક પરંપરાઓનું સન્માન કરવા માટે પ્રતિબદ્ધ છે - રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિન નવીનજી



૧૧ કિલોમીટર લાંબો છઠ ઘાટ

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિન નવીન દ્વારા ગુરુવારે દિલ્હીના શાલીમારમાં મુનક નહેરના બંને કાંઠે બાંધવામાં આવેલા ભવ્ય ૧૧ કિલોમીટર લાંબા છઠ ઘાટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ ઐતિહાસિક સિદ્ધિ ફક્ત ભાજપ સરકારની મજબૂત રાજકીય ઇચ્છાશક્તિ અને સુશાસનને કારણે શક્ય બની છે. આ વિકાસને ખાસ કરીને મહત્વપૂર્ણ બનાવતી બાબત એ છે કે અગાઉના વહીવટ હેઠળ વર્ષોથી ઘોર ઉપેક્ષાનો ભોગ બનેલા વિસ્તારનું સંપૂર્ણ પરિવર્તન. ભક્તોની અપાર શ્રદ્ધાને માન આપીને, મુનક નહેર સાથેનું આ નવું માળખાગત બાંધકામ ફક્ત ૧૨ મહિનાના રેકોર્ડ સમયમાં પૂર્ણ થયું હતું જેથી તહેવાર ઊજવનારાઓને સમાવવામાં આવે.

આપણી પ્રાચીન પરંપરાઓનું રક્ષણ કરવા માટે ભાજપ સરકારની અતૂટ પ્રતિબદ્ધતાનો જીવંત પુરાવો

ભાજપ સરકારના અથાક પ્રયાસો દ્વારા વિકસિત આ વિશાળ ઘાટ લાખો શ્રદ્ધાળુઓને સુરક્ષિત રીતે તેમના અર્ઘ્ય અર્પણ કરવા માટે સંપૂર્ણપણે સ્વચ્છ, સતત વહેતું પાણી પૂરું પાડે છે. આ ભવ્ય પ્રોજેક્ટ છઠ પૂજાના ગહન સાંસ્કૃતિક મહત્વને જાળવવા અને આપણી પ્રાચીન પરંપરાઓનું રક્ષણ કરવા માટે ભાજપ સરકારની અતૂટ પ્રતિબદ્ધતાનો જીવંત પુરાવો છે. આ પ્રસંગે, શ્રી નવીને યમુનાની પવિત્રતાને સંપૂર્ણપણે સ્વચ્છ અને પુનઃસ્થાપિત કરવાના પક્ષના સર્વોચ્ચ સંકલ્પનો પુનરુચ્ચાર કર્યો, અને કહ્યું કે વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, સરકાર ઝડપી વિકાસની સાથે સાંસ્કૃતિક વારસાને પણ સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. ભાજપ સરકારનું અંતિમ લક્ષ્ય દિલ્હીને સ્વચ્છ, સુંદર અને વિકસિત બનાવવાનું છે, સાથે સાથે વિકાસ ભારતના વ્યાપક સંકલ્પને સાકાર કરવાનું છે. દિલ્હીના મુખ્યમંત્રી શ્રીમતી રેખા ગુપ્તા, દિલ્હી સરકારના મંત્રીઓ અને ધારાસભ્યો સાથે આ કાર્યક્રમ દરમિયાન હાજર રહ્યા હતા.

શ્રી નીતિન નવીને કહ્યું કે ભાજપ કાર્યકર્તાઓએ સંપૂર્ણ સમર્પણ અને પ્રતિબદ્ધતા સાથે સંઘર્ષ કર્યો છે. આજે, આ મહાન તહેવારના પ્રારંભ પ્રસંગે આપણે અહીં હાજર છીએ. આપણી સરકાર પણ સેવાની એ જ ભાવના સાથે કામ



કરી રહી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી હંમેશા કહે છે કે ભાજપ કાર્યકર્તા સમાજની સેવા કરવાની ભાવના સાથે કામ કરે છે. મને વિશ્વાસ છે કે દિલ્હી સરકાર અને તેની આખી ટીમને લોકો તરફથી એવા આશીર્વાદ મળશે કે દિલ્હીના લોકો સમૃદ્ધ થશે અને દિલ્હી સરકાર પણ સમૃદ્ધ થશે. જ્યારે હું ઘાટના કિનારે ગયો ત્યારે મારા મનમાં આ તહેવારની પવિત્રતાનો વિચાર આવ્યો. અમારું માનવું છે કે આ ચાર દિવસ આપણને યોગ્ય રીતે જીવન જીવવા માટે પ્રેરણા આપે છે. અમે તેને એક પવિત્ર વિધિ અને શ્રદ્ધાની અભિવ્યક્તિ માનીએ છીએ. છઠ પૂજાનો આ વિધિ વર્ષભર પ્રકૃતિની પૂજા કરવાની આપણી પરંપરાનો એક ભાગ છે. આ સમયગાળા દરમિયાન, આપણે ઊગતા અને અસ્ત થતા સૂર્ય બંનેની પૂજા કરીએ છીએ. આ સાથે, આપણે પ્રકૃતિની તે શક્તિઓ પ્રત્યે કૃતજ્ઞતા પણ વ્યક્ત કરીએ છીએ જે આપણા જીવન અને પરિવારો માટે મહત્વપૂર્ણ છે. આપણા ખેડૂત ભાઈઓ અને બહેનો ખેતરોમાં પાક ઉગાડે છે, અને આ સમયે, નવી લણણી પૂજામાં અર્પણ કરવા માટે ઉપલબ્ધ બને છે. આ તહેવાર દરમિયાન આપણે તાજા ફળો અને અનાજ દ્વારા પ્રકૃતિ પ્રત્યે આપણો આદર વ્યક્ત કરીએ છીએ.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી સ્વચ્છતા મિશનને દેશના દરેક ભાગમાં લઈ ગયા અને સ્વચ્છતાના સંકલ્પને જનભાગીદારી સાથે જોડ્યો

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ કહ્યું કે આજે આટલી ઉષ્માભરી અને મિથિલાની પરંપરાઓ અનુસાર તેમનું સ્વાગત કરવા બદલ તેઓ બધાના આભારી છે. દરેક વ્યક્તિ મિથિલાની સંસ્કૃતિ અને પરંપરાઓને સંપૂર્ણ રીતે સમજી શકતું નથી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી સ્વચ્છતા મિશનને દેશના દરેક ભાગમાં લઈ ગયા અને સ્વચ્છતાના સંકલ્પને જનભાગીદારી સાથે જોડ્યો. મને બિહારમાં શહેરી વિકાસ મંત્રી તરીકે સેવા આપવાની તક પણ મળી. તે સમયગાળા દરમિયાન, મેં સ્વચ્છતા વિશે જાગૃતિ ફેલાવવા અને સ્વચ્છ વાતાવરણ બનાવવાના પ્રયાસો જોયા. હું ફક્ત દિલ્હીના લોકોને જ નહીં પરંતુ દરેકને કહેવા માંગું છું કે જો આપણે છઠી મૈયાની પૂજા કરીએ, તો આપણે આખા વર્ષ દરમિયાન આપણા જીવનમાં સ્વચ્છતા અને શુદ્ધતા જાળવી રાખવી જોઈએ. આનાથી આપણે આગામી વર્ષોમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સ્વચ્છ અને વિકસિત ભારત માટેના સંકલ્પને આગળ ધપાવી શકીશું. છઠી મૈયાના આશીર્વાદથી, આપણે આપણા દેશને સ્વચ્છ, સુંદર અને શુદ્ધ રાખવો જોઈએ.

ભાજપ કાર્યકર્તાઓ સમાજના દરેક વર્ગ સાથે ઊભા છે અને સૌના કલ્યાણ માટે કામ કરે છે

શ્રી નીતિન નવીને કહ્યું કે આ પ્રસંગે, તેઓ ૧૧ કિલોમીટરના પટ્ટામાં આયોજિત આ મોટા પાયે કાર્યક્રમમાં ભાગ લેનારા દરેકને અભિનંદન આપે છે. અમારા માટે, આ તહેવાર શ્રદ્ધા અને પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. તે સમાજમાં એકતા, સામૂહિક ભાવના અને પારિવારિક મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે. આખો પરિવાર આ તહેવારમાં સાથે મળીને ભાગ લે છે, અને બધા ભેદભાવ અને મતભેદો અદૃશ્ય થઈ જાય છે. આ આપણી સંસ્કૃતિ અને પરંપરાઓની વિશિષ્ટ વિશેષતા છે. છઠ પૂજા સમગ્ર દેશને એક સાથે જોડે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં, અમારી સરકારે છઠ પૂજાને વિશેષ મહત્વ આપ્યું છે. દેશભરમાં આ તહેવાર જે ભક્તિ અને ઉત્સાહથી ઊજવવામાં આવે છે તે આપણી સાંસ્કૃતિક એકતાને પ્રતિબિંબિત કરે છે. છેલ્લા ૨૦ મહિનામાં, આપણે જોયું છે કે મુખ્યમંત્રી શ્રીમતી રેખા ગુપ્તા પણ આ તહેવારને એ જ ભક્તિ અને સ્નેહથી ઊજવે છે. ભાજપ કાર્યકર્તા સેવાની આ જ ભાવના સાથે કામ કરે છે. ભાજપ કાર્યકર્તાઓ સમાજના દરેક વર્ગ સાથે ઊભા છે અને સૌના કલ્યાણ માટે કામ કરે છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રણ મળવાથી મને ખૂબ આનંદ થયો. મને પણ અહીં આવવાની ઇચ્છા હતી. મને વિશ્વાસ હતો કે દિલ્હીમાં ભાજપની સરકાર બનશે અને પૂર્વાંચલના લોકોને ભાજપ સાથે જોડાવાથી કોઈ રોકી શકશે નહીં. બિહાર અને પૂર્વાંચલના લોકો દેશભરના વિવિધ રાજ્યોના વિકાસમાં ફાળો આપે છે, અને ભાજપ સરકારે પણ તેમને સન્માન આપ્યું છે.





માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનથી ગરીબના ઘરમાં વિકાસનો દીવો પ્રગટી રહ્યો છે - શ્રી તરુણ ચૂઘજી

પ્રદેશ પ્રભારીશ્રી તરુણ ચૂઘજીએ સૌને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, દિવાળી એટલે દીવાઓનો ઉત્સવ અને અંધકાર સામે પ્રકાશ પાથરવાનો અવસર. આપણે સૌ એવા યુગમાં કાર્ય કરી રહ્યા છીએ જ્યાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા યુગપુરુષ દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. ગુજરાતના કાર્યકર્તાઓ વિશેષ સૌભાગ્યશાળી છે કે તેમને રાજ્યના મુખ્યમંત્રી અને સંગઠન મહામંત્રી તરીકે પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વનો સ્નેહ અને માર્ગદર્શન પ્રાપ્ત થયું છે. છેલ્લાં 12 વર્ષમાં વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશભરમાં કરોડો ગરીબોના જીવનમાંથી અંધકાર દૂર કરી વિકાસની રોશની પહોંચાડવાનું ઐતિહાસિક કાર્ય થયું છે. આજે ગર્વ સાથે કહી શકીએ કે 50 કરોડથી વધુ ગરીબો ગરીબી રેખાથી ઉપર આવ્યા છે અને તેમના ઘરોમાં દિવાળીની રોશની ઝળહળી છે. દેશના 4 કરોડ ગરીબ પરિવારોને પાકાં આવાસ મળ્યાં છે, 19 કરોડ ઘરો સુધી પીવાનું પાણી પહોંચ્યું છે અને ગરીબ પરિવારોને રસોઈ ગેસ તથા શૌચાલય જેવી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ઘરે-ઘરે પીવાનું પાણી પહોંચે તે માટે જે ચિંતા અને પ્રયાસો કર્યા હતા, તેનું પરિણામ આજે દેશના કરોડો પરિવારો સુધી પહોંચી રહ્યું છે. આ જ સાચી દિવાળી છે, જ્યારે ગરીબના ઘરમાં વિકાસનો દીવો પ્રગટે છે. વધુ 3 કરોડ ગરીબ પરિવારોને આવાસ આપવાની દિશામાં પણ કામગીરી થઈ રહી છે. આજે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાં અગ્રેસર છે અને 7.8 ટકાના વિકાસ દર સાથે પ્રગતિ કરી રહ્યું છે. વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે આપણે સૌએ એવા પ્રયાસો કરવા જોઈએ કે દેશના સામાન્ય અને ગરીબ પરિવારોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે.

ભગવાન શ્રી રામના અસ્તિત્વ પર પણ સવાલ ઉઠાવતા હતા. તેમના માટે, ગંગા મૈયા અને યમુના મૈયા ફક્ત નદીના પાણી છે

શ્રી નીતિન નવીને કહ્યું કે એક સમય હતો જ્યારે ભારતીય સનાતન પરંપરાઓ, પૂજાપદ્ધતિઓ અને સંસ્કૃતિ પર પ્રશ્નો ઊભા થતા હતા. અહીં કેટલાક લોકો ભગવાન શ્રી રામના અસ્તિત્વ પર પણ સવાલ ઉઠાવતા હતા. તેમના માટે, ગંગા મૈયા અને યમુના મૈયા ફક્ત નદીના પાણી છે, પરંતુ આપણા માટે, તે પૂજા અને આદરની વસ્તુઓ છે. આ નદીઓની શુદ્ધતા અને સ્વચ્છતા જાળવવાનો અમારો સંકલ્પ છે. અમે સર્વશક્તિમાન પ્રત્યે પણ આ પ્રતિબદ્ધતા રાખી છે, જે આપણને આશીર્વાદ આપે છે. હું દરેકને ખાતરી આપું છું કે મુખ્યમંત્રી શ્રીમતી રેખા ગુપ્તા, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહજીના માર્ગદર્શન હેઠળ, યમુનાની સફાઈ માટે પ્રતિબદ્ધતા સાથે કામ કરી રહ્યાં છે. અમે ખૂબ જ ટૂંક સમયમાં યમુનાને સ્વચ્છ અને શુદ્ધ બનાવવામાં સફળ થઈશું. જો આપણે યમુનાને સ્વચ્છ અને શુદ્ધ નહીં બનાવીએ, તો છઠી મૈયાની પૂજા કરવાનો અમારો સંકલ્પ પણ અધૂરો રહેશે. હું દિલ્હી સરકાર અને તેના તમામ મંત્રીઓને દરેક પ્રવૃત્તિ અને દરેક કાર્ય, નાના કે મોટા, લોકોને જોડવા બદલ અભિનંદન આપું છું. મેં જોયું છે કે સરકાર મહિલાઓ માટે અલગ બસ સેવા સહિત વિવિધ પરિવહન સુવિધાઓ પૂરી પાડી રહી છે. તે અટલ કેન્ટીન દ્વારા માત્ર પાંચ રૂપિયામાં ભોજન પૂરું પાડી રહ્યું છે અને યુવાનો માટે રોજગારની તકો ઊભી કરવાના પ્રયાસો કરી રહ્યું છે.

પીએમ કિસાન તક ભારત કૃષિ સંમેલન



સોલાર પાવર ક્રાંતિએ અન્નદાતાને ઊર્જા દાતામાં પરિવર્તિત કરી દીધા છે - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

વિકસિત ભારત માટે શક્તિની સાત ધારા

મિત્રો, લાલ કિલ્લા પરથી, મેં વિકસિત ભારત માટે શક્તિની સાત ધારા વિશે વાત કરી હતી, અને આમાં કૃષિ એ મુખ્ય ધારા છે. કૃષિનો વિકાસ કર્યા વિના, ખેતીને વધુ સ્માર્ટ બનાવ્યા વિના અને ખેડૂતોને સશક્ત બનાવ્યા વિના વિકસિત ભારતનું નિર્માણ કરવું બિલકુલ શક્ય નથી. એટલા માટે આવા ખેડૂત સંમેલનોનું મહત્ત્વ વધુ વધી જાય છે. મિત્રો, દેશની પ્રગતિ અને ખેતી વચ્ચેના સંબંધને તમે બે મહત્વપૂર્ણ તથ્યો દ્વારા સમજી શકો છો. તાજેતરમાં, ગરીબી પર વિશ્વ બેંકનો એક અભ્યાસ બહાર આવ્યો છે, અને તેની સમગ્ર વિશ્વમાં ચર્ચા થઈ રહી છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે માત્ર 12-13 વર્ષની અંદર, ભારતમાં 50 કરોડ ગરીબ લોકોએ ગરીબીને હરાવી છે. તેમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે ગામડાંઓમાં ગરીબી ખૂબ જ ઝડપથી ઘટી છે. આનો અર્થ એ થયો કે મોટી સંખ્યામાં નાના ખેડૂતો અને ખેતમજૂરોએ ગરીબી પર વિજય મેળવ્યો છે. હવે આ સંયોગ જુઓ. છેલ્લા એક દાયકા દરમિયાન, ભારતનો કૃષિવિકાસ દર 4 ટકાથી ઉપર રહ્યો છે. આઝાદી પછીનો આ પહેલો દાયકો છે જેમાં દેશના કૃષિક્ષેત્રે આઝાદી પછી પહેલીવાર 4 ટકાથી વધુનો સરેરાશ વિકાસ દર હાંસલ કર્યો છે. અને આ જ સમયગાળા દરમિયાન, ગામડાંઓમાં મોટી સંખ્યામાં ગરીબ લોકોએ ગરીબીને હરાવી છે. પરંતુ દુર્ભાગ્યે, સમાચારોના કેટલાક અને એજન્ડામાં ફસાયેલા લોકો દેશની આ સિદ્ધિને જોઈ શકતા નથી.

